ગાંધીનગર સમાચાર

સે-૨૮ની પ્રાથમિક શાળામાં બાળમેળો યોજાયો

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા 'બા તને કયાં રાખુ' નાટક રાત્રીના યોજાશે.

- નજાહખાનમ સૈયદ

### રાંધેજાની સીમમાંથી રૂ. ૧૮ હજારના મુદ્દામાલ સાથે વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક રાંધેજા ગામની સીમમાં બપોરે બે શખ્સો વરલી મટકાનો જુગાર રમાડી રહ્યા હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે દરોડો પાડીને બંને શખ્સોની વરલી મટકા રમાડવા વપરાયેલા સાહિત્ય તથા રોકડ સાથે ધરપકડ કરી લીધી છે. રૂ. ૧૮ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાની સુચનાથી તેમની ટીમ આજે બપોરે પેટ્રોલીંગમાં હતી ત્યારે રાંધેજા ગામની સીમમાં વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો હોવાની ટીમને બાતમી મળી હતી બાતમીને આધારે ટીમે સવા બાર વાગ્યે દરોડો પાડીને રાંધેજાની સીમમાંથી મુકેશ ચીમન ભાવસાર અને અમરત સોમા પટેલ બે શખ્સોને વરલી મટકાનો જુગાર રમાડતા રંગે હાથ ઝડપી પાડયા હતા. તે બંને પાસેથી રોકડ રૂ. ૧૭,૫૦૦ તથા મોબાઈલ અને વરલી મટકાનો જુગાર રમાડવા વપરાતા સાહિત્ય મળી કુલ રૂ. ૧૮,૦૩૦નો મુદ્દામાલ જપ્ત કરી બંનેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### આજે ઔડાનું બજેટ

અમદાવાદ શહેર વિકાસ સત્તા મંડળ ઔડા દ્વારા આવતીકાલે વર્ષ ૨૦૧૬-૧૭ માટેનું વાર્ષિક અંદાજપત્ર રજુ કરવામાં આવનાર છે. જો કે હજુ સુધી ગત વર્ષે મંજુર કરેલા અનેક કામો હજુ સુધી શરૂ પણ થઈ શક્યા નથી. આ અંગેની વિગત એવી છે કે, ગત વર્ષે ઔડા દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ માટે મંજુર કરવામાં આવેલા અંદાજપત્રમાં અનેક દરખાસ્તો નાણાકિય વર્ષ પુરુ થવા આવ્યું હોવા છતાં હજુ સુધી માત્ર કાગળ ઉપર જ રહેવા પામી છે.

# શહેરમાં નેત્રહિન કમ્પ્યુટર સ્પર્ધા યોજાઈ

## રાજયમાં સૌ પ્રથમવાર યોજાયેલી સ્પર્ધામાં ૬૧ સ્પર્ધકોએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૨૮

સર્વિસ એસોસીએસન ફોર ધી બ્લાઈન્ડ ગાંધીનગર અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સંયુકત ઉપક્રમે આજે સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમવાર ગાંધીનગર શહેરના સેકટર - ૨૩ કડી સંકુલ સ્થિત મમતા કમ્પ્યુટર લેબ ખાતે સવારે ૯ કલાકે અખિલ ગુજરાત નેત્રહિન કમ્પ્યુટર કૌશલ્ય સ્પર્ધા યોજાઈ હતી. રાજયભરમાથી ૬૧ નેત્રહિન ભાઈ - બહેનોએ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. કમ્પ્યુટર અંગે પ્રાથમિક જ્ઞાનની ચકાસણી કરવામાં આવી હતી ત્રણ વિભાગમાં યોજાયેલી સ્પર્ધાના વિજેતાઓને શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે ઈનામ એનાયત કરાયા હતા. આ પ્રસંગે મોટીસંખ્યામાં ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

૨૧ મી સદીએ કપ્પ્યુટર યુગની સદી છે આ યુગમાં તમામ ક્ષેત્રમાં કામ ઝડપી અને સરળતાથી થાય તે માટે કમ્પ્યુટરનો ઉપયોગ સવિશેષ કરવામાં આવે છે. ત્યારે આ સદીમાં નેત્રહિન વ્યકિતઓ કમ્પ્યુટરનો મહતમ ઉપયોગ કરે તે માટે બોલતા સ્ક્રિન રીડર સોફટવેર માર્કેટમાં આવી પહોંચ્યા છે. ત્યારે આ સોફટવેર વડે નેત્રહિન ભાઈ બહેનો ભવિષ્યમાં ખાનગી તેમજ સરકારી ઓફીસો, બેંક, રેલ્વે, સહિતના વિવિધ ક્ષેત્રમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે તેમજ નિષ્ણાંત



(તસવીર : કશ્યપ નિમાવત)

તરીકે સેવા આપી શકે છે. આ અંગે વધુ માહિતિ આપતા સેકટર - ૧૬ અંધશાળાના શિક્ષક ઉમેશભાઈ પરમારે જણાવ્યું હતુ કે અત્યારે હાલમાં ગુજરાતમાં બેંકીગક્ષેત્રે કોમ્પ્યુટર ઓપરેટર તરીકે સેવા આપી રહ્યા છે. આ કૌશલ્ય સ્પર્ધામાં આવેલા સ્પર્ધકોની કોમ્પ્યુટરલક્ષી જ્ઞાનની ચકાસણી નિષ્ણાંત કોમ્પ્યુટર તજજ્ઞો દ્વારા કરવામાં આવશે. જેમાં પ્રાથમિક જ્ઞાન ચકાસણી, પાવર, એકસલ, ઈમેલ, ઈન્ટરનેટ સર્ચીંગ , પ્રશ્નોતરી, મલ્ટીચોઈસ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. શહેરના સેકટર - ૨૩ કડી સંકુલ ખાતે મમતા લેબ ખાતે આયોજીત આ સ્પર્ધા ૯ થી ૧૨ કલાક દરમિયાનમાં ત્રણ વિભાગ રાખવામાં આવી હતી. જેમાં ધો - ૫ થી ૮ પ્રાથમિક વિભાગ, ધો - ૯ થી ૧૨ માધ્યમિક વિબાગ, તેમજ ધો - ૧૨ થી ઉચ્ચ અભ્યાસક્રમનો સમાવેશ થાય છે. આ કૌશલ્ય સ્પર્ધામાં કોમ્પ્યુટર તજજ્ઞો તરીકે લલિતભાઈ ઓઝા, પૂનમબેન ઓઝા, ગતિબેન શાહે સેવા આપી હતી. આ સ્પર્ધામાં ત્રણેય વિભાગના વિજેતા સ્પર્ધકોને પ્રથમ ઈનામ તરીકે રુ. ૨૫૦૦, બીજા ક્રમે રુ. ૧૫૦૦ જયારે ત્રીજા ક્રમે રુ. ૧૦૦૦ રોકડ પુરસ્કાર તરીકે તેમજ ચાંદીનો સિક્કો, પ્રમાણપત્ર, ચંદ્રક આપવામાં આવ્યા હતા. સંસ્થાના મંત્રી રહેમનભાઈ અંસારી, રિસર્ચ પર્સન ઉમેશભાઈ પરમાર, જી.વાય.મહેતા, રમણભાઈ પંચાલ સહિત હેપી ટુ હેલ્પના ૧૮ યુવકોએ આ સ્પર્ધા દરમિયાન સેવા બજાવી હતી.

## સે-૨૮ની પ્રાથમિક શાળામાં બાળમેળો યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરની સેકટર-૨૮/૨ની સરકારી પ્રાથમિક શાળામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું અદભૂત આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં બાળકોને તેમના દૈનિક જીવનમાં ઉપયોગી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ જીવંત ઉદાહરણ સાથે રજુ કરી સમજ આપવામાં આવી હતી. બાળ મન પણ આ પ્રવૃત્તિઓથી આકર્ષાઈ ઉત્સાહમાં આવી ગયા હતા અને ભરપૂર આનંદ મેળવ્યો હતો.

બાળકોને બાળપણથી જ યોગ્ય સમજ આપવાના મૂળભૂત હેતુથી યોજાયેલી આ કૌશલ્ય આધારીત પ્રવૃત્તિમાં કુકર ફીટીંગ, સાઈકલનું પંચર જાતે બનાવવું, વજનકાંટાનો ઉપયોગ, વેસ્ટમાંથી બેસ્ટક ટ્રાફિક સિગ્નલની સમજ, રંગોળી પુરવી, તોરણ બાંધવા,



વિવિધ પ્રકારના અંકો, રંગપૂરણી, ભૌમિતિક આકારો, ચિત્રકામ, પ્રાણીઓના મહોરાં, શબ્દચાટ, વાકયપટ્ટી, બૂટપોલિશ વગેરે જીવંત દર્શાવી સમજ આપવામાં આવી હતી. વધુમાં સમાજમાં હાલ ચાલતા અંધશ્રધ્ધાના ચમત્કારો જેવા કે શ્રીફળમાંથી ચુંદડી કાઢવી, પત્તામાં જાદુના ખેલ પણ રજુ કરી ફકત હાથ ચાલાકી હોવાનું જણાવી આ પ્રવૃત્તિથી દૂર જ રહેવા જણાવાયું હતું. બાળકોએ મુક અભિનય કર્યો હતો અને વિડિયો કિલ્પ્સ દ્વારા કોમેડી નાટક જેવી પ્રવૃત્તિ પણ કરાઈ હતી.

બાળમેળા સાથે આનંદમેળાને પણ આવરી લઈ પાણીપુરી, લીંબુ શરબત અને વિવિધ રમતો થકી ઉત્સાહનો સંચાર પણ કરાયો હતો. બાળકો સમક્ષ થયેલી આ પ્રવૃત્તિથી બાળકો આનંદ વિભોર બની ગયા હતા અને જીવનમાં ઉપયોગી આ પ્રવૃત્તિનો મન ભરીને આનંદ મેળવી કિલ્લોલ કરી ઉઠયા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને માર્ગદર્શન શાળાના શિક્ષકોએ કરી સંતોષ વ્યકત કર્યો હતો.

## ડભોડાના લાપતા યુવાને કેનાલમાં છલાંગ લગાવી હોવાની આશંકા



ગાંધીનગર, તા.૨૮

ડભોડા ગામનો એક યુવાન લાપતા થઈ ગયો છે આ યુવાનનું બાઈક લીંબડીયા કેનાલની બહારથી મળી આવ્યું છે તે ઉપરાંત ચંપલ અને ટીશર્ટ પણ કેનાલ બહાર બાઈક પાસે મળી આવતા યુવાને કેનાલમાં ઝંપલાવ્યું હોવાની આશંકાને પગલે ૨૪ કલાકથી કેનાલમાં તેની શોધખોળ ચાલી રહી છે. જો કે હજુ સુધી તેની કોઈ ભાળ મળી આવી નથી.

ડભોડાનો એક યુવાન લાપતા થઈ જતા પરીવારજનોએ તેની શોધખોળ આરંભી છે. શોધખોળ દરમિયાન લીંબડીયા નર્મદા કેનાલની બહારથી તેનું બાઈક અને ટીશર્ટ-ચંપલ મળી આવતા તેણે કેનાલમાં છલાંગ લગાવી હોવાની શંકા સેવાઈ રહી છે. ગઈ કાલ સાંજથી કેનાલમાં ફાયરબ્રિગેડની ટીમ અને તરવૈયાઓ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. જો કે આજે મોડી સાંજ સુધી કેનાલના પાણીમાંથી તેના કોઈ સગડ મળ્યા નથી તો બીજી તરફ લાપતા યુવાનના પરિવારજનો અત્યારે અત્યંત દયનીય સ્થિતિમાંથી ગુજરી રહ્યા છે. ડભોડા પોલીસે પણ લાપતા યુવાનની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ડભોડા પોલીસે મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂનો જથ્થો પકડયો

### ડભોડા રામનગરમાં રાત્રે દરોડો પાડયો હતો : રૂ. ૮૬,૫૦૦નો દારૂ જપ્ત : બંને બુટલેગર ફરાર

ગાંધીનગર, તા.૨૮

ડભોડા પોલીસે ગઈ રાત્રીએ ડભોડા રામનગર વિસ્તારમાં એક મકાનમાં દારૂનો જથ્થો સંતાડયો હોવાની બાતમીને આધારે દરોડો પાડયો હતો. પોલીસે દરોડો પાડીને અંદરથી વિદેશી દારૂની નાની મોટી ૩૬૬ નંગ બોટલો પકડી પાડી હતી. રૂ. ૮૬,૫૦૦નો દારૂ જપ્ત કરીને ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જો કે બે બુટલેગરો હજુ ફરાર છે.

ડભોડા પીએસઆઈ એન.એમ. ચૌધરી તથા તેમની ટીમે ગઈ રાત્રે અગિયાર વાગ્યાના અરસામાં ચોકકસ બાતમીને આધારે ડભોડાની સીમમાં આવેલા રામનગર



ખાતે ખેતરમાં બનાવેલા એક મકાનમાં દરોડો પાડયો હતો. બાતમી મળી હતી કે હજુ અમરત ઠાકોર અને પ્રકાશ અમરત ઠાકોરના આ મકાનમાં વિદેશી દારૂ સંતાડાયો છે અને વેપલો કરવામાં આવે છે જેને આધારે રાત્રે દરોડા બાદ તપાસ કરતા મકાનમાંથી ૧૫૧ બોટલ રોયલ સ્ટેગ વ્હીસ્કી, ૪૮ બોટલ રોયલ સ્ટેગ કવાર્ટર, ૨૩ બોટલ મેજીક મોમેન્ટ વોડકા અને ૧૪૪ બોટલ ઓફીસર્સ ચોઈઝ કવાર્ટર મળીને કુલ ૩૬૬ નંગ દારૂની બોટલો મળી આવી હતી. રૂ. ૮૬,૫૦૦ની કિંમતની દારૂની બોટલો જપ્ત કરી બંને સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. જો કે સ્થળ પર બંને શખ્સો મળી આવ્યા ન હોવાથી વોન્ટેડ છે. તેમની ધરપકડ માટે પોલીસે દોડધામ શરુ કરી છે.

## સે-૨૧ હવેલી મંદિરના દર્શનના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા.૨૮

સેકટર-૨૧ સ્થિત હવેલી મંદિરના દર્શનના સમયમાં આગામી તા. ૩ માર્ચના રોજથી ફેરફાર કરવામાં આવ્યો છે. ઉત્થાપન સાંજે ૪.૧૫ થી ૪.૨૦ કલાકે, સંધ્યા આરતી ૪.૪૫ થી ૫.૧૫ કલાકે, શયન આરતી ૬.૧૫ થી ૬.૪૫ કલાકે કરવામાં આવશે. તેમજ સવારના મંગળા, શૃંગાર અને રાજભોગના દર્શનમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ગાંધીનગર વૈષ્ણવ સમાજના માનદમંત્રી રસીકભાઈ ગાંધીએ આ અંગેની નોંધ લેવા જણાવ્યું છે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં યોજાયેલ મહેસૂલી તલાટીની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉમેદવારો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. જો કે તમામ પરીક્ષા કેન્દ્રો પર આશરે ૨૦ થી ૨૫ ટકા ગેરહાજરી પણ નોંધાવા પામી હતી.

● તલાટીની પરીક્ષા આપવા આવેલ ઉમેદવારોને પરીક્ષા ખંડમાં મોબાઈલ લઈ જવાની મનાઈ હોવાથી પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ ફોન સાચવવા વિશેષ વ્યવસ્થા કરાઈ હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ તમામ ઉમેદવારોને મોબાઈલ પરત મળી ગયા છે તેની ખાત્રી મેળવાયા બાદ જ જવા દેવાયા હતા.

● પરીક્ષા આપવા આવેલા ઉમેદવારો અને સાથે આવેલા સગા સંબંધીએ બપોરની ગરમીથી બચવા શેરડીના રસનો સહારો લીધો હતો. પરીક્ષા પૂર્ણ થયા બાદ અનેક 'ભાવિ' તલાટીઓ તણાવમુકત થવા સિગારેટના કસ મારતા નજરે ચઢતા હતા.

● ગાંધીનગર નજીકના મોટી શિહોલી ગામના વૃધ્ધ જીવતીબેન રામાજી ઠાકોરનું ૧૦૧ વર્ષની વયે અવસાન થયું છે. આટલી ઉંમરે કુદરતી મોતને ભેટેલા જીવતીબેનના પાર્થિવ શરીરને મુકિતધામ ખાતે અગ્નિદાહ અપાયો હતો.

● ચાર વર્ષે આવતી તારીખ ૨૯મી ફેબ્રુઆરીએ નગરમાં અનેક ઠેકાણે લગ્ન સમારંભો પણ યોજાયા છે. શાળાઓમાં સોમવારે આખર તારીખની અડધી રજા પળાશે.

● આજથી જાણીતા અભિનેત્રી રોહિણી હટ્ટંગડી ગાંધીનગરના મહેમાન બનશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત 'બા હું તને ક્યાં રાખુ' સામાજીક નાટકમાં રોહિણી મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

● ગાંધીનગર ખાતે માર્ચના બીજા સપ્તાહમાં બાલ ચલચિત્ર મહોત્સવ યોજાશે. જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ મહોત્સવમાં મુંબઈના જાણીતા કલાકારો બાળકોની વચ્ચે અવનવી વાતો કરશે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# જો કોઈ મારા દેખતા ભુસ્કો મારે તેને તો હું ડુબવા ના જ દઉં

## આત્મહત્યા કરવા કેનાલમાં પડતુ મુકતાઓની જીંદગી પાછી ખેંચી લાવતા 'રીયલ લાઈફ સેવર' પ્રવિણજી ઠાકોર



સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

ગાંધીનગર, તા.૨૮

અમદાવાદથી ચિલોડા તરફના માર્ગે લીંબડીયા ગામ નજીક મુખ્ય નર્મદા નહેરના પુલ પર સાઈડમાં બનાવાયેલ કેબિનમાં સિકયુરિટી ગાર્ડ પ્રવિણજી ઠાકોર આરામ કરી રહ્યા હતા. કડકડતી ઠંડીનો સમય અને મોડી રાત્રિના આશરે ત્રણેક વાગ્યાનો સમય હતો અને અચાનક તેમના કાને 'બચાવો'ની બુમ સંભળાઈ. સફાળા જાગીને તેમણે પોતાની ટોર્ચ લાઈટ હાથમાં લીધી અને કેનાલ પર દોડયા. માત્ર એક જ વાર તે પણ ઉંઘમાં સંભળાયેલા અવાજ હોવા છતાં પોતાના અનુભવના આધારે દિશા વિચારી તે તરફ પાણીમાં ટોર્ચનો પ્રકાશ ફેંકયો તો પાણીમાં એક હાથ ઉંચો થયેલો દેખાયો. ક્ષણ ભરનોય વિલંબ કર્યા વગર તેમણે પોતાનો શર્ટ કાઢયો અને સીધી છલાંગ લગાવી પાણીમાં. ઘડીકવારમાં તેમણે પેલા ડૂબતા યુવાનને શોધી તેને કિનારે ખેંચી લાવ્યા અને બહાર આવી તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન લગાડયો. એમ્બ્યુલન્સ આવે ત્યાં સુધીમાં પ્રવિણજીએ તેમના અનુભવના આધારે જરૂરી ટ્રીટમેન્ટ આપી પાણી ઓકાવના જોખમ બહાર લાવી દીધો હતો. માત્ર પરીક્ષામાં નાપાસ થવાના કારણે આ કિશોરે રાત્રે ચાલુ ટ્રેનમાંથી કેનાલમાં ભુસ્કો માર્યો હતો પરંતુ અંદર પડયા પછી ડૂબવાનું 'સહન' ન થતા બુમ પડાઈ ગઈ જે તેના સદનસીબે પ્રવિણજીના કાને અથડાતાં તેનો જીવ બચ્યો હતો.

ટીવી ચેનલ પર ભરપૂર ગ્લેમર સાથે દર્શાવાતી સિરિયલ 'બે વૉચ'માં દરિયામાં ડૂબી રહેલાઓને બતાવતી 'લાઈફ સેવર'ને જોઈ 'આહ' અને 'વાહ' પોકારી જતા દર્શકોને કદાચ પ્રવિણજી ઠાકોર જેવા 'રીયલ લાઈફ સેવર'ની સ્ટોરીમાં રસ ન પણ પડે પરંતુ માત્ર સાત ચોપડી ભણેલા પ્રવિણજીએ વર્ષ ૨૦૦૫થી નર્મદા કેનાલ પર સિકયુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા અત્યાર સુધીમાં આશરે ૨૫૦થી વધુ ડૂબતાઓને બચાવ્યા છે. એટલું જ નહી પરંતુ પોતાની ફરજના કાર્યકાળ દરમિયાન તેમણે અત્યાર સુધીમાં બે હજારથી વધુ લાશોને કેનાલમાંથી શોધી બહાર કાઢી લાવવાની પણ આકરી ફરજ બજાવી ચુકયાં છે. માત્ર માનવી જ નહી પરંતુ અસંખ્ય ગાય-ભેંસ અને નીલગાય (રોઝ)ને પણ તેઓએ ડૂબતા બચાવવાનું કાર્ય કર્યું છે અને તે પણ કોઈ પણ જાતની ભેટ-સોગાદ-વળતર કે વધારાની લાભની ખેવના રાખ્યા વગર જ. પ્રવિણજી કહે છે, 'સાહેબ મને કોઈની જીંદગી બચાવી શકું તેવી ભગવાને નોકરી આપી છે એટલે ભગવાનનો આભાર માનું છું. આ સેવા કાર્ય થકી મને જે સંતોષ મળે છે તે પૂરતો છે. મારે કોઈ માન-સન્માન જોઈતા નથી. હું તો બસ ધુબાકો સાંભળ્યો નથી કે દોડયો નથી.'

જેટલા બોલવામાં સરળ એટલા જ નહેરમાં ડુબતાને બચાવવામાં ચપળ અને જીંદાદિલ પ્રવિણજીની સતર્કતા એવી છે કે માત્ર કેનાલ પર આંટા ફેરા મારનારની હિલચાલ પરથી જ હવે ખબર પડી જાય છે કે આ વ્યકિત પાણીમાં કૂદવા આવ્યો છે કે પછી માત્ર ફરવા. એવું નથી કે અહીં બધા આત્મહત્યા માટે જ આવે છે, ઘણા પુણ્ય કમાવા માછલીને લોટ ખવડાવતા હોય અને પગ લપસી જાય કે નકામો પૂજાપો નહેરમાં પધરાવવા જતા ગોથું ખાઈ જાય. એક વાર એક માનસિક અસ્વસ્થ વ્યકિત કેનાલના પુલ નીચે પહોંચી ગયો અને અંદર પાણીમાં પડી જાય તેવી સ્થિતી હતી. પ્રવિણજીએ કુનેહ વાપરતા તેને 'મારે પાણી પીવું છે આપજે' એમ કહી તેની નજીક જઈ બહાર ખેંચી



લીધો હતો. દસ વર્ષથી ઉપરના કાર્યકાળ દરમિયાન અનેક પ્રેમી યુગલો, નાસીપાસ વિદ્યાર્થીઓ, દેવામાં ડુબેલા હતાશ નાગરિકો કે કૌટુંબિક કંકાસથી કંટાળેલ પરિણિતાઓ સહિત કેટલાને બચાવ્યા તેનો ચોકકસ આંકડો તો પ્રવિણજી પાસે પણ નથી. નજીકના એક ગામનો યુવાન તો પ્રવિણજીના બચાવ્યા પછી પાછો ફરી અંદર પડયો તો તેને ફરી બહાર ખેંચી લાવ્યા. આમ છતાં પેલો યુવાન બહાર આવી પ્રવિણજીના ઉપર બેસી ગયો અને ફરી અંદર પડયો છેવટે તેને બચાવ્યો ત્યારે જ પ્રવિણજી ઝંપ્યા. તેઓ ખુમારીથી કહે છે 'જો મારા દેખતા કોઈ અંદર પડયું હોય તો તેને તો હું ડૂબવા ના જ દઉં.'

નાનપણમાં જ જેના પિતા ગુજરી ગયા હતા તેવા પરિવારમાં માતા અને બે શ્રમજીવી ભાઈઓ તેમજ એક પરિણિત બહેનના ભાઈ એવા પ્રવિણજી એક વાર નર્મદા નિગમના ચાર અધિકારીઓને બોટમાં નહેર સર્વે માટે લઈ જઈ રહ્યા હતા. વાતો વાતોમાં અધિકારીઓ બોટમાં એક તરફ થઈ જતા બોટ ઊંધી વળી ગઈ અને અધિકારીઓ પાણીમાં પડયા. પ્રવિણજીએ ત્રણ અધિકારીઓને તો તુરંત બહાર કાઢયા પરંતુ ચોથા અધિકારી ના દેખાતા બધાએ તેમને ડૂબેલા માની લીધા હતા. પ્રવિણભાઈની ચકોર નજરે તેમને બોટની નીચે જોઈ લીધા અને તેમને પણ તેઓ બચાવી લાવતા અધિકારીઓ ઓળઘોળ થઈ ગયા હતા.

પોતે નોકરી પર હોય કે ન હોય પરંતુ અડધી રાત્રે પણ ફોન આવે એટલે બચાવ કાર્ય માટે તુરંત જ દોડે અને આ કામ માટે તેમની ધગશ એટલી કે સિકયુરીટી કેબિન પર પોતાનો પર્સનલ નંબર પણ પાકા કલરથી લખી નાંખ્યો છે જેથી કોઈ પણ તેમને મદદ માટે બોલાવી શકે. નહેરમાંથી ફુલી ગયેલી, સડી ગયેલી કે હાડપિંજર થઈ ગયેલી લાશ કાઢવાની હોય કે રાત્રિના સમયે પાણીમાં ગરકાવ થઈ ગયેલું જેસીબી શોધવાનું હોય, બધાને બસ પ્રવિણજીનું નામ જ હોઠે આવે. એક યુવકને જેના ભાઈએ અગાઉ કેનાલમાં પડતું મુકી મોત વ્હાલુ કર્યુ હતું તેને બચાવ્યા પછી દર રક્ષાબંધને તે યુવક અને તેની બહેન અચૂક આવે છે અને પ્રવિણજીને રાખડી બાંધી નાસ્તો કરાવે અને મૃતકો માટે કફન વગેરેની સેવા માટે દાન આપે છે. જો કે ત્રણ બાળકો લઈને આત્મહત્યા કરવા પડેલી એક માતાના બાળકો તો બચાવ્યા પણ માતાને ન બચાવી શકવાનો અફસોસ, પ્રવિણજી ઠાકોરને હજુ સુધી સતાવી રહ્યો છે. મૃતકોના ખિસ્સામાંથી નીકળેલા રોકડા નાણા કે મહિલા મૃતકના દાગીના સુધ્ધાં યથાવત પરત કરી દેતા પ્રવિણજીને આજ દીન સુધી કોઈ સન્માન તો ઠીક પરંતુ નોકરીમાં કાયમી પણ નથી કરાયા તે આપણી વ્યવસ્થાની ખામી નહીં તો બીજું શું?

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય વાવોલ ખાતે વિદ્યાર્થીઓનો વિદાય કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૨૮

શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય, વાવોલ ખાતે તા. ૨૪-૨-૨૦૧૬ના રોજ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને વિદાય આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના ૮૪ વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ પદે શ્રી પોપટભાઈ વી. પટેલ-પ્રમુખશ્રી પ્રગતિ મંડળ વાવોલ, મુખ્ય મહેમાનશ્રી પેથાપુર સ્વામિનારાયણ મંદિરના મહંતશ્રી સદગુરુ સ્વામી ધર્મ પ્રવર્તક સ્વામી તથા કોઠારી સ્વામી અને અતિથિ વિશેષ તરીકે ધીરેનભાઈ શાહ તથા પૃથ્વીભાઈ શાહ-સાહિત્યકાર તથા વાવોલ પ્રગતિ મંડળના મંત્રીશ્રી રઘુભાઈ ગોલ, સહમંત્રીશ્રી અમરિસંહભાઈ તથા જયંતિભાઈ જેવા મહાનુભાવો હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓને કુમ કુમ તિલક કરી આશીર્વચન આપવામાં આવ્યા હતા. સ્વાગત પ્રવચન શાળાના આચાર્ય શ્રી બી.એ. પટેલે કર્યું હતું. જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર.જે. વ્યાસ અને આભારવિધિ શ્રી એન.એસ. ચૌધરીએ કરી હતી.

### ચિરવિદાય

- સ્વ. જીવતીબેન રામાજી ઠાકોર, ઉ.વ. ૧૦૧
- સ્વ. સોનલબેન પંકજકુમાર શુકલ, ઉ.વ. ૫૨
- સ્વ. ગાભાજી ડાહ્યાજી ઠાકોર, ઉ.વ. ૫૨